# ગઝલ

- પ્રવીણ શાહ

.1.

એક સરખી સૌ કહાણી હોય છે,
એક રાજા એક રાણી હોય છે.

શાંત છે તો ક્યાંક ધસમસતાં મળે,
સ્થાન જુદાં, એ જ પાણી હોય છે.

પંખી સૌ જંપ્યાં હશે માળા મહીં,
એ જ વૃક્ષોની કમાણી હોય છે.

એમની ઈર્ષ્યા કરે સૌ, જેમણે
જીન્દગી ભરપુર માણી હોય છે.

છંદ, લય ને પ્રાસ, મત્લા, મીસરા;
શબ્દને મન અહીં ઉજાણી હોય છે.

શબ્દ એના શ્વાસ ને ધડકન ગઝલ,
એ જ શાયરની કહાણી હોય છે.

.2.

કોણ હળવેથી મને પોકારતું ?
કોણ તારી યાદ લઈને આવતું ?

એક વત્તા એક સરવાળો કરી,
કોણ મીઠી ઝંખના મન બાંધતું ?

ખુશનુમા આબોહવા આલંબીને,
કોણ વ્હાલપથી મને બોલાવતું ?

જ્યાં નજર નાખું મને દેખાય તું,
કોણ દીલને આટલું તરસાવતું ?

ચાંદનીની પાંપણો પર બેસીને,
કોણ આવી સ્વપ્નને શણગારતું ?

કોડીયે ઝબકાર અદબદ આંજતું,
કોણ આ અખીલાઈને અજવાળતું ?

**.3.**

કૈંક એવી વાત જળમાં છે,
દીવ્યતા તેથી કમળમાં છે.

આપણા કરમાં કશું ક્યાં છે ?
છે બધો આધાર પળમાં છે.

કેટલા કંઈ ભેદ જીવનના,
બારણે વાસેલ કળમાં છે.

મન સદા એવું મુંઝાતું રહે,
જાણે કે કોઈ વમળમાં છે.

આમ સઘળું શાંત લાગે પણ;
છે હજી તોફાન તળમાં છે.

પ્હાડ, સાગર, સુર્ય, તારકગણ,
ભવ્યતા સૃષ્ટી સકળમાં છે.

**.4.**

આ જગત આખું સફરમાં છે
સૌ, સમયની કંઈ અસરમાં છે.

મનની નીર્મળતા ઉજાગર હો,
રાત આ છેલ્લા પ્રહરમાં છે.

સર્વથા લીલાશથી શોભે
વીશ્વ ટહુકાનું જીગરમાં છે.

ભીંત વીનાનું છે મન મારું,
આયના જેવી નજરમાં છે.

શ્રાવણી ઝરમર નીરંતર અહીં.
લાગણી નામે નગરમાં છે.

‘ગાલગાગા’ના નશામાં છું,
ને ગઝલ એની ફીકરમાં છે.

**.5.**

કામ જેવું કામ ક્યાં છે તોય પણ,
બે ઘડી નવરાશ ક્યાં છે તોય પણ !

સાંજ પડતાં આ જગત જંપી જશે,
રાતને વીશ્રામ ક્યાં છે તોય પણ !

આયના ચારે તરફ છે સાબદા,
ખાસ કૈં પહેચાન ક્યાં છે તોય પણ !

કેટલી વીહવળ બની આ ચાંદની !
સ્વપ્નનો ઉપચાર ક્યાં છે તોય પણ !

જે મળ્યું, જ્યારે મળ્યું, સાપેક્ષ છે,
આગવું કો’ સ્થાન ક્યાં છે તોય પણ !

અસ્ત નક્કી છે ઉદય જેનો થશે,
કોઈને વીશ્વાસ ક્યાં છે તોય પણ !

**.6.**

જીન્દગી કંઈ રમત નથી,
લાગણીમાં શરત નથી.

કંઈક તો મુલ્ય હોય છે,
ચીજ એકે મફત નથી.

સૌ સમય પર થયા કરે,
અહીં કશુંયે તરત નથી.

યત્ન કરતા રહો સતત,
હાર કંઈ હરવખત નથી.

રંક છે, કોઈ રાય છે,
સૌને માટે તખત નથી.

જડ કે ચેતન, અહીં-તહીં,
રામ ક્હો ક્યાં પ્રગટ નથી.

**.7.**

સાંજ સલોની નમતી માગી,
રાત અમે ઝળહળતી માગી.

સુર-સરીતા સરતી માગી,
રેત સમયની ખરતી માગી.

શાંત કીનારા રાસ ન આવ્યા,
અમે ઓટ ને ભરતી માગી.

ગમતી ખુશ્બુ મનભર માણી,
ડાળ ડાળ મઘમઘતી માગી.

ગ્રીષ્મ-વર્ષા કે હેમંત-શીશીર,
હર મોસમ રસઝરતી માગી.

**.8.**

આ માયાના પડછાયા છે,
મૃગજળ પીવા લલચાયા છે.

ફુરસદ મળશે ક્યાંથી અમને,
રસ્તા અહીંના રઘવાયા છે.

ક્યાંય કશે ના મંજીલ દીઠી,
સપનાં આંખે અટવાયાં છે.

ખાલી ઘરને ખુણે ખુણે,
કંઈ એકાન્તો સચવાયાં છે.

માણસ ઘડવો બહુ અઘરો છે,
પથ્થર ક્ષણમાં ટંકાયા છે.

ક્યાં છે અલ્લા ? ક્યાં છે ઈશ્વર ?
ઉત્તર કોને સમજાયા છે !

**.9.**

તું હવે બસ, એટલી સમજાય છે,
તું નથી તો રાત આ લંબાય છે.

એક પંખી જેવું બેસે ડાળ પર,
વૃક્ષ એકાએક લીલું થાય છે.

સુર્યને સત્કારવાના મોહમાં,
રાતની કાયમ ઉપેક્ષા થાય છે.

મૃગજળી માયા જ એવી દોસ્તો,
સૌ સમયની જાળમાં સપડાય છે.

કૈં થવાનો છે અભરખો એટલો,
એક માણસ રોજ તુટી જાય છે.

**.10.**

નીત ખુશીમાં ડોલવાની ટેવ છે,
યાદ જુની ખોલવાની ટેવ છે.

મૌન ભારોભાર એવું અવતર્યું,
કે સ્વયંને તોલવાની ટેવ છે.

દોરડા પર ચાલવા જેવી જ છે,
શબ્દ તોલી બોલવાની ટેવ છે.

આ પવન જેવું જીવું છું એટલે,
ખુશ્બુ કાયમ ખોળવાની ટેવ છે.

કૈં વીદુષક જેવું જીવન સાંપડ્યું,
પ્રહસનોમાં કોળવાની ટેવ છે.

* પ્રવીણ શાહ *

કવી સંપર્ક:

પ્રવીણ શાહ –29, ગીરીવન સોસાયટી, જુના પાદરા રોડ, ટાગોર નગર પાસે, વડોદરા - 390 007

ફોન- 0265 – 235 4516 મોબાઈલ- 94287 61846 shahpravin46@gmail.com

Blog: http://aasvad.wordpress.com/

'સન્ડે ઈ-મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: આઠમું - અંક : 256 – November 04, 2012

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન: શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

# તમે શીખ્યા કે ?

બ્લોગમાં, ફેસબુકમાં, સ્કાઈપમાં, ચેટીંગમાં, મેઈલમાં કે વર્ડમાં આમ જ, કર્સર અહીં જ મુકી, ફટાફટ ગુજરાતીમાં લખતાં તમને ફાવ્યું કે ? જો હજી ક્યાંક બીજે લખી, તેની કૉપી કરી, અહીં પેસ્ટ કરવાની ઝંઝટથી થાક્યા હો તો http://lakhe-gujarat.weebly.com/ ની મુલાકાત લો.

તે માટેની સઘળી સામગ્રી ત્યાં મુકેલી જ છે. સુચવ્યા મુજબ કરો ને સ્ક્રીન પર ગુજરાતીમાં લખવા સક્ષમ બનો.. કશી પણ ગુંચ આવે તો અમને મેઈલ લખો.. તમે લખતા ન શીખી જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે રહીશું.. uttamgajjar@gmail.com ..Surat..

@@@

**More than 1,70,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com/**

**More than 15,00,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com/**

**More than 3,50,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com/**

@@@@@@@@@